# 130 વર્ષ જૂના ચિત્રમાં ધબકતું ભારતઃ રાજા રવિ વર્માનો 167 કરોડનો ઈતિહાસ





**રવિ વર્માની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમણે ભારતીય વિષયોને પશ્ચિમની વાસ્તવિક ચિત્રશૈલી સાથે ગૂંથ્યાં. પ્રકાશ-છાંયો, ચહેરાના ભાવ, વસ્ત્રોની નાજુક સળવળ, આભૂષણોની ઝગમગ- તેમના કેનવાસ પર બધું જીવતું લાગે છે**

એક ચિત્રની કિંમત કેટલી હોઈ શકે? લાખો? કરોડો? પણ જ્યારે 130 વર્ષ જૂનું એક ચિત્ર લગભગ રૂ. 167. 2 કરોડમાં વેચાઈને નવો રેકોર્ડ સર્જે, ત્યારે આ આંકડો માત્ર બજારમૂલ્ય નથી રહેતો; તે સંસ્કૃતિના મૂલ્યમાં રૂપાંતરિત થઈ જાય છે.

તાજેતરમાં રાજા રવિ વર્માનું એક ઐતિહાસિક ચિત્ર રેકોર્ડ કિંમતે વેચાયું અને ફરી એક વાર આખા દેશની નજર આ મહાન ચિત્રકાર પર જઈ અટકી. ઉદ્યોગપતિ સાઈરસ એસ. પૂનાવાલાએ 'યશોદા અને કૃષ્ણ' નામના ચિત્રને રેકોર્ડ કિંમતે ખરીદ્યું હતું. તે સાથે આ ચિત્ર અત્યાર સુધીની સૌથી મોંઘી ભારતીય કલાકૃતિ બની ગયું છે.

સવાલ સ્વાભાવિક છે, આ ચિત્રમાં એવું તે શું ખાસ છે? એક સદીથી પણ જૂના કેનવાસમાં એવી કઈ શક્તિ છે કે આજના ડિજિટલ યુગમાં પણ તે લોકોના મન અને બજાર બંને જીતી લે છે?

આ સવાલનો જવાબ શોધવા માટે આપણે માત્ર ચિત્ર સુધી મર્યાદિત નહીં રહી શકીએ; આપણે તે માણસ સુધી પહોંચવું પડશે, જેણે ભારતીય કલ્પનાને રંગ અને આકાર આપ્યો હતો, અને તે છે રાજા રવિ વર્મા. આજની પેઢી માટે આ નામ અજાણ્યું હોઈ શકે અને એટલે જ તે જાણવું અનિવાર્ય છે.

રવિ વર્મા માત્ર ચિત્રકાર નહોતા; તેઓ ભારતની દૃશ્ય-સ્મૃતિના સર્જક હતા. દૃશ્ય-સ્મૃતિ એટલે વિઝ્યુઅલ મેમરી. દરેક દેશના ચિત્રકારો તેમનાં ચિત્રો અને રંગોમાં જેતે સમાજના અતીતને સંભાળીને રાખે છે. આપણે ત્યાં એ કામ રાજા રવિ વર્માએ કર્યું હતું.

1848માં કેરળના કિલિમાનૂર રાજવંશમાં જન્મેલા રવિ વર્માએ પાંચ વર્ષની ઉંમરથી દીવાલો પર રંગો સાથે એવી મિત્રતા ગાંઠી હતી કે પછી આખું ભારત તેમના બ્રશની ઓળખ બની ગયું. તેમના સમયમાં ભારત રાજકીય રીતે બ્રિટિશ શાસન હેઠળ હતું પરંતુ સાંસ્કૃતિક રીતે દેશ પોતાની આઈડેન્ટિટી શોધી રહ્યો હતો.

એ જ સમયગાળામાં રવિ વર્માએ ભારતીય પુરાણો, મહાકાવ્યો અને લોકકથાઓને એવા જીવંત સ્વરૂપ આપ્યાં કે લોકો પહેલી વાર પોતાના દેવોને માનવીય ભાવનાઓ સાથે જોઈ શક્યાં. આજે મોટાભાગના હિંદુ પરિવારો તેમનાં દેવી-દેવતાઓને જે ચહેરાથી ઓળખે છે, તેનું શ્રેય રાજા રવિ વર્માને જાય છે.

કલ્પના કરો કે શકુંતલાની આંખોમાં વિરહ, દમયંતીના ચહેરા પરનું સૌમ્ય દુઃખ, યશોદાની ગોદમાં રમતો કૃષ્ણ, લક્ષ્મીજીના પગલાંમાંથી વરસતું સમૃદ્ધિનું તેજ આ બધું કેવળ ચિત્ર નથી પણ ભારતીય સંસ્કૃતિની સંવેદનાઓ છે. તેમણે બહુ પ્રભાવશાળી રીતે આ ચારિત્ર્યો દોર્યાં હતાં.

રવિ વર્માની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમણે ભારતીય વિષયોને પશ્ચિમની વાસ્તવિક ચિત્રશૈલી સાથે ગૂંથ્યાં.

પ્રકાશ- છાંયો, ચહેરાના ભાવ, વસ્ત્રોની નાજુક સળવળ, આભૂષણોની ઝગમગ, તેમના કેનવાસ પર બધું જીવતું લાગે છે.

તેમના પહેલાં દેવ-દેવીઓની છબીઓ મુખ્યત્વે લોકચિત્રો, પિછવાઈઓ કે મંદિરકલા સુધી મર્યાદિત હતી પરંતુ રવિ વર્માએ તેમને એવી માનવીયતા આપી કે સામાન્ય માણસને દેવોમાં પોતાનું પ્રતિબિંબ દેખાવા લાગ્યું. એટલે જ આજે પણ આપણાં ઘરોમાં કેલેન્ડર, પૂજાઘર કે દિવાળી કાર્ડમાં જે લક્ષ્મીજી કે સરસ્વતીજીનું સ્વરૂપ દેખાય છે, તેની મૂળ કલ્પના ઘણી વાર રવિ વર્માની જ હોય છે. આ તેમની કળાની મહાનતા

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

છે; તેમણે માત્ર ચિત્રો બનાવ્યાં નહોતાં, તેમણે આખા દેશની કલ્પનાશક્તિને આકાર આપ્યો હતો. પણ તેમની મહાનતા અહીં અટકતી નથી. રવિ વર્માએ કળાને મહેલો અને રાજ દરબારોની દીવાલોથી બહાર કાઢીને સામાન્ય લોકોના ઘરમાં પહોંચાડી. તેમણે પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યો હતો અને પોતાનાં ચિત્રોની ઓલિયોગ્રાફ (19મી સદીની એક પ્રિન્ટિંગ ટેક્નિક છે, જે તેલચિત્ર જેવી દેખાતી પ્રતિકૃતિઓ બનાવવા માટે વપરાય છે) પ્રિન્ટ્સ મોટા પાયે પ્રસિદ્ધ કરી. આ કદાચ ભારતીય ચિત્રકળામાં સૌથી મોટી લોકશાહી ક્રાંતિ હતી.

તેના પગલે પહેલી વાર કલા માત્ર રાજાઓ કે અમીરોની વસ્તુ રહી નહીં; તે સામાન્ય મધ્યમવર્ગના ડ્રોઈંગ રૂમ સુધી પહોંચી. ભારતમાં દેવ-દેવીઓના લોકપ્રિય વિઝ્યુઅલ કલ્ચરનો આરંભ કરવામાં તેમનો ફાળો એટલો ઊંડો છે કે આજે સિનેમા, ટીવી સીરિયલ, પોસ્ટર ડિઝાઈન અને ડિજિટલ આર્ટ સુધી તેની અસર સ્પષ્ટ જોવા મળે છે.

હવે વાત કરીએ ગુજરાત અને ખાસ કરીને વડોદરા સાથેના તેમના સંબંધની. રાજા રવિ વર્મા અને વડોદરાનો સંબંધ માત્ર ઐતિહાસિક નથી, ભાવનાત્મક અને સાંસ્કૃતિક પણ છે.

પૂરા દેશમાં ગાયકવાડ રાજવંશે તેમની પ્રતિભાને બહુ વહેલી તકે ઓળખી લીધી હતી. મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમયમાં વડોદરા ભારતના અગ્રણી સાંસ્કૃતિક કેન્દ્રોમાંનું એક હતું. રાજાશ્રય, શિક્ષણ, સંગીત, કલા જેવાં દરેક ક્ષેત્રમાં શહેર આગવું સ્થાન ધરાવતું હતું.

આ જ સમયગાળામાં રવિ વર્માને વડોદરા આમંત્રિત કરવામાં આવ્યા અને તેમણે રાજપરિવાર માટે અનેક ભવ્ય પોટ્રેટ્સ તથા પૌરાણિક ચિત્રો રચ્યાં. આજે પણ લક્ષ્મી વિલાસ પેલેસ અને મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમમાં તેમની કૃતિઓ વડોદરાની કલા-પરંપરાને ગૌરવ આપે છે. એક રીતે કહીએ તો, રવિ વર્માના રંગોએ વડોદરાના ઈતિહાસને પણ વધુ ભવ્ય બનાવ્યો.

આજે ઈન્સ્ટાગ્રામ, સિનેમા, ઓટીટી, AI આર્ટ, ડિજિટલ રેખાઓ દરેક વાત ચિત્રો દ્વારા જ કહી રહી છે. પરંતુ વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગ શું હોય, સંસ્કૃતિને સૌંદર્ય સાથે કેવી રીતે રજૂ કરવી અને પરંપરાને આધુનિકતામાં કેવી રીતે અનુવાદિત કરવી, તે બધું રવિ વર્મા આપણને એક સદી પહેલાં શીખવી ગયા હતા. તેમની કૃતિઓ આપણને કહે છે કે આધુનિક બનવું એટલે આપણા મૂળથી દૂર જવું નહીં. પશ્ચિમની ટેક્નિક અપનાવીને પણ ભારતીય આત્માને કેન્દ્રમાં રાખી શકાય છે; આ પાઠ તેમણે પોતાના જીવનથી આપ્યો. આજે જો ફિલ્મોમાં મહાભારત કે રામાયણનાં પાત્રો કોઈ વિશિષ્ટ સ્વરૂપમાં દેખાય છે, તો તેની પાછળ ક્યાંક રવિ વર્માની કલ્પના કામ કરતી જોવા મળે છે.

એટલે જ 167 કરોડનો આંકડો માત્ર એક વેચાણના સમાચાર નથી. તે એ સાબિતી છે કે કલા સમયની પાર જીવે છે. ચિત્ર જૂનું થઈ શકે, કેનવાસ પરના રંગ ફિક્કા પડી શકે પરંતુ ભાવનાઓનું મૂલ્ય ક્યારેય ઘટતું નથી.

રવિ વર્માનાં ચિત્રોમાં ભારતનો સાંસ્કૃતિક ચહેરો કેદ છે. તેમનું ચિત્ર ભારતની સ્મૃતિ છે અને તે એક એવા કલાકારની વારસાગાથા છે, જેણે સમયને કેનવાસ પર સ્થિર કરી દીધો છે.

# ઈનામ-વિતરણની આંટીઘૂંટી

જન્મ લેવો એ જેમ મૃત્યુ પામવાનું મૂળ કારણ છે, તેમ ઔપચારિક ઈનામ વિતરણ યોજવું એ લોચા વાગવાનું ને ગોટાળા થવાનું મૂળભૂત કારણ છે. તેમાંથી કોઈ મર્ત્ય મનુષ્ય બાકાત નથી. એટલે જ પદ્મ પુરસ્કાર મેળવનારાઓને પણ મુખ્ય કાર્યક્રમના આગલા દિવસે રીહર્સલ કરાવવાં પડે છે ને જતી જિંદગીએ અભિનય-કમ-શિસ્તના મૂળભૂત પાઠ શીખવવા પડે છે. એ વખતે પદ્મસન્માનિતોને તેમના સ્કૂલના દિવસ યાદ આવી શકે છે અને એવું પણ લાગી શકે છે કે સ્કૂલમાં આટલી શિસ્ત રાખી હોત તો શિક્ષકોનો માર ઓછો ખાવો પડત.

ઈનામ વિતરણ વખતે શા માટે ગોટાળા સર્જાય છે તેના હજુ સુધી કોઈ વૈજ્ઞાનિક અભ્યાસો થયાનું ધ્યાનમાં નથી. છતાં, સહેજ વિચારતાં તેનું પાયાનું કારણ સમજી શકાય. ઈનામની જાહેરાત કરનાર, ઈનામ તાસકમાં લઈને આવનાર, ઈનામ આપનાર અને ઈનામ લેનાર સાવ જુદી વ્યક્તિઓ હોય છે. તેમને કાર્યક્રમના ચાર ખૂણા પણ ગણી શકાય. આ ચારે ખુણાને એક લાઈનમાં કરવાનું અઘરું ન પડે તો જ નવાઈ. મોટા ભાગના કિસ્સામાં ઈનામની જાહેરાત કરનાર ઉદ્દ્ઘોષક ઈનામ લેનારને ઓળખતા નથી હોતા. કેટલાક કિસ્સામાં તો તે મંચ પર બેઠેલા મહાનુભાવોમાંથી બધાને પણ ઓળખતા નથી હોતા.

એટલે 'અમુકતમુક મહાનુભાવ ફલાણાં બહેન કે ભાઈને પારિતોષિક એનાયત કરશે' એવી જાહેરાત થયા પછી શ્રોતાગૃહમાં કોરી ઉત્તેજના નહીં, સસ્પેન્સભર આતુરતા પ્રસરે છે. જાહેરાત થયા પછી સમારંભમાં મોડા આવનાર સભાગૃહમાં દાખલ થાય, તો લોકોને એવું લાગે છે કે આ ઈનામ મેળવનાર જણ છે, પણ એ જણની નજર મંચ ભણી નહીં, ખાલી ખુરશીની શોધમાં ફરતી હોય છે. અચાનક બાકીની

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

નજરોને પોતાના ભણી તકાયેલી જોઈને તે મૂંઝવણ અનુભવે છે. શરમવાળા માણસને ધરતી મારગ આપે તો સમાઈ જવાનું મન થાય છે પણ ધરતીમાં ખુરશી નહીં હોય ને ત્યાં પણ ઊભા જ રહેવું પડશે, એ વિચારે તે સમાઈ જવાનો વિચાર પડતો મૂકે છે અને સભાગૃહમાં યોગ્ય એટલે કે ખાલી સ્થાન જોઈને બેસી જાય છે.

ઓડિયન્સ તો ઠીક, મંચ પર બેઠેલા મહાનુભાવોની આતુરતાભરી અને સમય



વિત્યા પછી ઉકળાટભરી દૃષ્ટિ ઓડિયન્સ તરફ મંડાયેલી હોય. તેમ છતાં, ઈનામ લેનાર જણ દેખાય નહીં, ત્યારે સભામાં જાણે કોઈએ શિવધનુષ્ય ઉંચકવાનો પડકાર ફેંક્યો હોય એવું વાતાવરણ સર્જાય છે.'અરે, એક આખા ઈનામની જાહેરાત થઈ ચૂકી છે, પણ તેનો લેવણહાર આવડા મોટા સભાગૃહમાં કોઈ નથી. કેવો કળજુગ.'

મોટી સંખ્યામાં ઈનામો હોય ત્યારે શરૂઆતની જાહેરાતો લોકરંજક છટામાં કર્યા પછી ધીમે ધીમે ઉદ્દ્ઘોષક જેવો ઉદ્દ્ઘોષક પણ છવાઈ જવાના મોહમાંથી મુક્ત થવા લાગે છે. (કેવો કળજુગ) શબ્દાળુ ચબરાકીયાં નેવે મૂકીને તે ટેલીફોનની ડીરેક્ટરી વાંચવાના અંદાજમાં એક પછી એક નામ બોલવા માંડે છે. વચ્ચે વચ્ચે ઈનામ લેનારાને ઝડપ કરવાનું સૂચવીને તે યાદ કરાવતા રહે છે કે તે ડિરેક્ટરી નહીં, ઈનામ વિજેતાઓની યાદી વાંચી રહ્યા છે. ઈનામો બહુ હોય ત્યારે શરૂઆતમાં મહત્ત્વના મહેમાનોના હાથે ઈનામ વિતરણ કરાવાય છે. ઈનામ આપનારાં માથાં થાકવા અથવા ખૂટવા લાગે, એટલે આયોજક ઉદ્દ્ઘોષકને કાનમાં ફૂંક મારી દે છે કે જે નજરે ચડે તેના હાથે ઈનામ અપાવવા માંડો. એટલે ઈનામ લેનારની જેમ આપનારની પણ લાઈન પડી જાય છે અને મંચની બન્ને બાજુ એકસરખો ગુંચવાડો પ્રવર્તે છે. ઈનામ લેનાર મુંઝાઈ જાય છે કે કોની પાસેથી ઈનામ લેવાનું છે અને આપનાર પણ કિંકર્તવ્યમુઢ સ્થિતિમાં આવી જાય છે. એમાં પણ ઈનામ પર નામ લખેલાં હોય ત્યારે કાયદો વ્યવસ્થાના એવા પ્રશ્નો સર્જાય છે કે ઈનામ આપવાની પ્રક્રિયા કામચલાઉ અટકાવી દેવી પડે. થોડી વારમાં ઉપસ્થિત શ્રોતાઓને એવી શંકા જાય છે કે હોલમાં બેઠેલા બધા એકબીજાને ઈનામ આપવા માંડશે. આવા સમારંભમાં ઈનામ આપનાર કે લેનાર ન હોય તો ચાલે, પણ ફોટો પાડનાર હોવા જોઈએ. આવું ફક્ત ફોટોગ્રાફરો જ નહીં, ઉત્સાહી આયોજકો પણ માનતા લાગે છે. ચોરીમાં બેઠેલા ગોર જેમ લગ્નવિધિ પૂરતું વર-કન્યા કરતાં વધારે મહત્ત્વ ધારણ કરે છે, એવું જ કંઈક ઈનામ સમારંભોમાં ફોટોગ્રાફરોનું થાય છે. તેમની ફ્લેશ ન થાય, ત્યાં સુધી ઈનામ અપાવાનો વિધિ પૂરો થયો ગણાતો નથી. મોટા ભાગના કેમેરામન અત્યંત ચુસ્ત અને મનોમન પોતાની જાતને હોય એના કરતાં પણ વધારે ચુસ્ત સમજતા હોય છે. આટલાં ઈનામોનો શો ભાર? ચપટીમાં ઉકેલી દઈશું, એવો ભાવ

**મોટા ભાગના કિસ્સામાં ઇનામની જાહેરાત કરનાર ઉદ્દ્ઘોષક ઇનામ લેનારને ઓળખતા નથી હોતા. કેટલાક કિસ્સામાં તો તે મંચ પર બેઠેલા મહાનુભાવોમાંથી બધાને પણ ઓળખતા નથી હોતા**

તેમના ચહેરા પર લીંપાયેલો હોય છે. પરંતુ ઈનામ લેનારાની લાઈન પડી જાય, એટલે ફોટોગ્રાફર તેની બધી ચુસ્તી સહિત મુંઝાય છે અને એક જ ટેકમાં ફાઈનલ ફોટો પાડવા માટે સંઘર્ષરત બને છે.

આવા છુંછા જેવા કામમાં રીટેક કરાવવા પડે એની અકળામણ તેમના ચહેરા પર જણાઈ આવે છે. પરંતુ એ નામોશી વેઠીને પણ તે ઈનામ આપનાર અને લેનાર પાસે રીટેક કરાવતા રહે છે, 'એક મિનીટ, જરા આ બાજુ જુઓ, પ્લીઝ. (ઈનામ લેનાર તરફ જોઈને) એમ નહીં, તમે આ બાજુ જુઓ..એમ..હં... બરાબર છે. ઓકે.'

આમ ને આમ ઈનામ વિતરણ પૂરું થાય, ત્યારે હાશકારાની છૂપી લાગણી આખા સભાગૃહમાં ફરી વળે છે. તેને સભાગૃહમાંથી લોકો ઉઠી ઉઠીને જતા રહેવાને કારણે વધેલી એરકન્ડિશનિંગની ઠંડક ગણી ન લેતા.

## ઈશિતાનું અલકમલક

### ન્યાયની ક-સુવાવડનાં વળતરનું શું?



'લેડી ઓફ જસ્ટિસ'- ન્યાયદેવીની મૂર્તિને આપણે 'કાયાકલ્પ' કરી અને વધુ બળુકી બનાવી છે. આપણા ન્યાયતંત્રે એમાં નોંધનીય ફેરફાર કર્યા છે. આપણી સ્વદેશી ન્યાયમૂર્તિમી આંખે પાટા નથી, જે દર્શાવે છે કે આપણો ન્યાય આંધળો નથી. એ જ રીતે એના હાથની તલવાર દૂર કરી ત્યાં આપણું સંવિધાન-બંધારણનો ગ્રંથ ગોઠવવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે ન્યાય માટે આ દેશમાં બધાને સમાન હક્ક આપવામાં આવ્યા છે. ન્યાયમૂર્તિની આ કાયાપલટ આજના સમયમાં યથાર્થ છે. આપણું ન્યાયશાસ્ત્ર કહે છે કે સાત ગુનેગાર ભલે છૂટી જાય પણ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ. એ જ રીતે 'જસ્ટિસ ડિલેડ ઇસ જસ્ટિસ ડિનાઈડ' મોડો ચૂકાદો મળે એ અન્યાય થવા બરાબર છે જેવી વાત આપણે ત્યાં બહુ ગંભીરતાથી લેવાતી નથી. કેટલીક વાર એવી પણ કરુણતા સર્જાય છે કે લાંબી સુનાવણી પછી ચુકાદો આવે, અપરાધીને જેલ થાય. પાછળથી ખ્યાલ આવે કે અગાઉ કશું કાચું કપાઈ ગયું હતું એટલે એને 'બા-ઈજ્જત રિહા કિયા જાય..' જેવું ફરમાન કોર્ટ આપે ત્યાં સુધીમાં તો પેલો 'કેદી' ઊર્ફે નિર્દોષે તો કેટલાંય વર્ષ જેલમાં વીતાવી દીધાં હોય ન્યાયની આવી ક-સુવાવડને લીધે આરોપી ઠરેલી કોઈ વ્યક્તિ પાછળથી નિર્દોષ પુરવાર થાય તો કારાવાસમાં એણે વ્યર્થ જે સમય ગુમાવ્યો અને બદનામી સાથે જે આર્થિક ખુવારી વેઠી એનું વળતર મળે ખરું? ના, આપણે ત્યાં આવા કેસમાં વળતર આપવાની કોઈ કાયદાકીય વ્યવસ્થા નથી! વ આપણે ત્યાં આજે પાંચ કરોડથી વધુ કેસ કોર્ટમાં પડતર પડ્યા છે. એમાંથી ઘણા ખોટા ચુકાદા પછી આરોપી વર્ષો બાદ નિર્દોષ છૂટ્યા પણ છે. આ ૨૦૨૫ -૨૦૨૬ ના માર્ચ-એપ્રિલ મહિના સુધીમાં આવા અનેક કેસ બહાર આવ્યા છે. એમાંથી કેટલાકની વિગતો તો આપણને દિગ્મૂઢ કરી દે એવી છે, જેમ કે કૂચબિહાર (પશ્ચિમ બંગાળ) માં જીવતાં સળગાવી મૂકવાના આરોપ પછી પત્નીએ મરણોત્તર આપેલા પોલીસ નિવેદન મુજબ એના પતિને આજન્મ કેદની સજા થઈ હતી. ૧૦ વર્ષથી એ કેદ ભોગવી રહ્યો હતો. પત્નીનું મરણોત્તર નિવેદન શંકાસ્પદ જણાતાં એક પખવાડિયા પહેલાં કલકત્તા હાઈકોર્ટે કેદ ભોગવી રહેલા પતિને નિર્દોષ જાહેર કર્યો છે. આવા જ એક અગત્યના ચુકાદામાં મુંબઈ હાઈકોર્ટે પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ૭ વર્ષથી જેદ ભોગવી રહેલા બ્રહ્મોસ કેન્દ્રના એક યુવાન વિજ્ઞાની નિશાંત અગ્રવાલને નિર્દોષ મુક્ત કર્યો છે. ગયા ડિસેમ્બરમાં એક વધુ કેસમાં એક આરોપીને ૩૩ વર્ષ બાદ મુક્તિ મળી છે. છેક ૧૯૯૨માં મુંબઈની એક લૂંટ કેસમાં રજનીકાન્તને આરોપી ઠેરવીને કેસ ચાલી રહ્યો હતો પણ પોલીસ અને સરકારી પક્ષ જોઈતા પુરાવા પેશ ન કરી શક્યાં. પરિણામે મુંબઈ સેશન કોર્ટે એને નિર્દોષ કરાર આપ્યો છે.. દિલ્હીના એક કોન્સ્ટેબલને એના ઉપરીની કહેવાતી હત્યા બદલ કોર્ટે જનમટીપની સજા ફટકારી હતી. ગયા અઠવાડિયે સર્વોચ્ચ ન્યાયાલયે પુરાવાના અભાવે એને નિર્દોષ જાહેર કર્યો. પરિણામે ૧૨ વર્ષથી કારાવાસ ભોગવી રહેલા એ કોન્સ્ટેબલને જેલ-મુક્તિ મળી. કહેવાતા બળાત્કારના એક કેસને લઈને કેરળમાં ભારે ઊહાપોહ થયો હતો. એક જાણીતી અભિનેત્રીનું અપહરણ અને બળાત્કારના આરોપસર મલયાલમ ફિલ્મોના એક પ્રસિદ્ધ અભિનેતા દિલીપની ધરપકડ થઈ પછી ૮ વર્ષથી એ કેસ ચાલી રહ્યો હતો. હવે કેરળ કોર્ટે દિલીપને બધા જ આરોપમાંથી મુક્તિ આપી છે.

### 'તારીખ પે તારીખ'ની અવાક કરી દેતી તારીખ

આજની તારીખે ન્યાયાલયોના આશરે ૨૩ લાખ કેસમાં તો છેલ્લાં ૧૩-૧૪ વર્ષથી 'તારીખ પે તારીખ' પડ્યા કરે છે. દહેરાદૂનના એક છેતરપિંડીના કિસ્સામાં ૯ વર્ષથી કેસ ચાલી રહ્યો છે. એમાં ૮૫ વાર તો કોર્ટની મુદત પડી છે તો અહીં એક કેસ ૩૮ વર્ષથી પેન્ડિંગ છે અને ૨૪થી વધુ એક કેસ તો છેલ્લાં ૩૦ વર્ષથી પડતરમાં છે! આપણું ન્યાયતંત્ર ક્યારેક કઈ રીતે વર્તે છે એના પણ બે-ત્રણ નમૂનારૂપ કિસ્સા જાણવા જેવા છે, જેમ કે, મહારાષ્ટ્ર ગ્રામ્ય વિકાસ વિભાગના એક અધિકારી આનંદરાવ પાટીલ પર રૂપિયા ૫૦૦ની લાંચ લેવાના આરોપસર છેક ૨૦૦૨થી કેસ ચાલી રહ્યો હતો. પાટીલભાઉ આ દરમિયાન અવસાન પામ્યા પણ એમના પર લાગેલું ભ્રષ્ટાચારનું લાંછન દૂર કરવા એના પરિવારવાળા આ કેસ લડી રહ્યા હતા અને હવે હાઈકોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા. છેક ૨૩ વર્ષ બાદ !અમદાવાદના એક પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિ પર રૂપિયા ૨૦ની લાંચ લેતા ઝડપાયાનો કેસ ચાલ્યો. ૭ વર્ષની સજા થઈ. એની વિરુદ્ધ એ ગુજરાત હાઈકોર્ટમાં ગયા. એ કેસ છેલ્લાં ૨૮ વર્ષથી ચાલી રહ્યો હતો. એનાથી થાકેલા, કંટાળેલા વૃદ્ધ બાબુભાઈ કહેતાઃ 'હવે ભગવાન બોલાવી લે તો સારું ..' હમણાં ફેબ્રુઆરીમાં કોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા અને બસ, જાણે એ જ ચુકાદાની રાહ જોતા હોય તેમ ચુકાદાના બીજે જ દિવસે એમણે શ્વાસ આટોપી લીધા !હવે આ પણ જાણી લો કે બે શખ્સ પર મુંબઈમાં રૂપિયા ૭.૬૫ પૈસાની ચોરીનો આરોપ હતો. એ બન્ને આરોપી ગાયબ હતા. પોલીસ એમને શોધી ન શકી. ૧૯૭૭થી એનો કેસ ચાલતો હતો. 'તારીખ પે તારીખ' પડતી રહી. એ દરમિયાન ફરિયાદીનું પણ પગેરું મળતું નહતું છેલ્લે પોલીસ અને મઝગાંવ કોર્ટે કંટાળીને ૫૦ વર્ષથી ચાલતા આ કેસને બંધ કરવાનો નિર્ણય હમણાં જાહેર કર્યો છે. આ બધા વચ્ચે એક પતિ - પત્નીનો ડિવોર્સ કેસ તો જગતભરના ન્યાયતંત્ર માટે જબરો નોંધનીય છે. આ યુગલ વચ્ચે છેક ૧૯૯૪થી છૂટાછેડાનો કેસ ચાલી રહ્યો હતો. બન્ને એવા 'લડાકુ' હતા કે બન્નેએ વિભિન્ન તબક્કે એકમેક પર અલગ અલગ મુદ્દે ૬૧ કેસ ફટકાર્યા હતા, જેની સુનાવણી ચાલી રહી હતી. કોર્ટના સમજાવવા છતાં એ પતિ - પત્ની માનતા જ નહોતાં. એમના કજિયાથી આખરે સુપ્રીમ કોર્ટે જ ત્રાહિમામ પોકારીને એમની વચ્ચેના ૬૧ કેસ રદબાતલ કરીને સત્તાવાર રીતે ૩૨ વર્ષ પછી એમના છૂટાછેડાને મંજૂરી આપી અને હા, પત્નીને વળતરરૂપે પતિએ રૂપિયા ૧ કરોડ આપવા એવું ફરમાન કર્યું અને સાથોસાથ સર્વોચ્ચ કોર્ટે એ યુગલને એવી ચીમકી પણ આપી કે આ વિવાદને લઈને હવે ફરી ક્યારેય કોર્ટનાં પગથિયાં ચઢવા નહીં, નહીંતર...!





## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ



» આજની જનરેશન ઝી કે Z, પોતાની કાયાના દેખાવ - ફિટનેસ માટે સચેત રહે છે. યુવતી 'ઝીરો ફિગર' તો યુવાન 'સિક્સ પેક' માટે વધુ આતુર રહે છે. આ તો આમ વાત થઈ પણ દુનિયાના બીજે ખૂણે સુંદરતાની વ્યાખ્યા કંઈક ખાસ અલગ જ છે. ઈથોપિયામાં મર્દાનગીની ખરી ઓળખ સ્નાયુબદ્ધ કાયા નહીં પણ મોટી ફાંદ છે!

અહીં દર વર્ષે 'કાએલ' તરીકે જાણીતો એક ઉત્સવ યોજાય છે, જેમાં મોટી-સુંદર ફાંદ ધરાવતા યુવાન ભાગ લે છે અને ફાઈન ફાઈન ફાંદ પર ફૂટડી યુવતીઓ ફિદા થાય છે!

» આજકાલ ખુદા પણ જમાના અનુસાર 'છપ્પર ફાડ કે..' કોઈને કંઈ આપતો નથી. એ તો તમારા બેન્ક કે ATM અકાઉન્ટમાં નોટિફિકેશન દ્વારા કંઈ આપી દેતો હોય છે. ઉત્તર પ્રદેશના મૈનપુરી ટાઉનની એક મહિલાના બેન્ક ખાતામાં હમણાં રૂપિયા ૧૦ કરોડ જમા થઈ ગયા. એ અધધધ રકમ ક્યાંથી આવી? કોણે મોકલી? એનો કોઈ અત્તોપત્તો નથી માટે એ પ્રામાણિક મહિલાએ જાહેર વિનંતી કરી છે કે 'આ રકમ જેની પણ હોય તે પ્લીઝ. પુરાવો આપીને પરત લઈ જાય!'

## ઈશિતાની એલચી

**કુવિચાર હિંસા છે - રોષ હિંસા છે - દ્વેષ પણ હિંસા છે - કોઈનું બૂરું ઈચ્છવું એ પણ હિંસા છે.**

**નોંધ :**

**ડોનાલ્ડ ટ્રમ્પ પણ આજકાલ આ જ કરી રહ્યા છે!!**